માંગણી નં.૯૩-અનૂસૂચિત આદિજાતિઓનું કલ્યાણ તા.૨૩/૩/૨૦૧૭ના રોજની ચર્ચામાટે

૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંદાજપત્ર પ્રકાશન નં. ૨૪(ભાગ ૩ અને ૪)

# આદિજાતિ વિકાસ વિભાગની ચર્ચા માટે

## ૧૨મી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૧૭) અંતર્ગત ગુજરાતના આદિવાસીઓનો વિકાસ:-

### આદિજાતિ વિસ્તાર પેટા યોજના

ગુજરાત રાજયમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત આદિજાતિ લોકો અને વિસ્તાર નો વિકાસ તથા આર્થિક અને સામાજીક વિકાસ ઝડપી થાય તે માટેનું આયોજન અને તેનું અમલીકરણ ૧૯૭૬ ના વર્ષથી શરૂ થયેલ છે. રાજયની આદિજાતિ વસ્તી મહદઅંશે રાજયના ખૂબ જ પછાત એવા વિસ્તારો પૈકીના પૂર્વ ભાગની સરહદ પરના વિસ્તારોમાં વસે છે. આ વિસ્તારો મોટાભાગે ડુંગરાળ પ્રદેશ, ખડકાળ જમીન, અનિશ્ચિત વરસાદ થતા છૂટીછવાઈ વસ્તી હોવાની લાક્ષણિકતા ધરાવે છે. આદિજાતિ વસ્તી મુખ્યત્વે ૧.બનાસકાંઠા, ૨. સાબરકાંઠા, ૩. પંચમહાલ, ૪. દાહોદ, ૫. વડોદરા, ૬. ભરૂચ, ૭. નર્મદા, ૮. સુરત, ૯. તાપી, ૧૦. વલસાડ, ૧૧.નવસારી, અને ૧૨.ડાંગ એમ બાર જીલ્લાઓમાં ફેલાયેલી છે. આ યોજનાની વ્યૂહરચના મુજબ આર્થિક આયોજન ઘડતર માટે વિકાસના હેતુસર આદિજાતિના ગીચ વસતિવાળા ૪૩ તાલુકા તથા ૧૬ લઘુ વિસ્તારો આમોદમાડા પોકેટ વિસ્તાર સહિત તેમજ ૪ કલસ્ટરને આવરી લેતા ૧૨ સંકલિત આદિજાતિ પ્રાયોજના વિસ્તારોમાં જૂથોની સંરચના કરવામાં આવેલ છે.

રાજયના ૧,૯૬,૦૨૪ ચો.કી.મી.ના કુલ વિસ્તાર પૈકી ૩૧,૬૪૨ ચો.કી.મી.વિસ્તાર આદિજાતિ પેટા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યો છે. જે રાજયના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૬.૧૪ ટકા છે. સને ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ આદિજાતિ જીલ્લાની ૭૪.૮૧ લાખની કુલ વસ્તી સામે ૬૧.૩૮ લાખની આદિજાતિ વસ્તીને આવરી લે છે. જે રાજયની કુલ આદિજાતિ વસ્તીના ૮૨.૦૫ ટકા થાય છે. જયારે રાજયની કુલ વસ્તીના ૧૪.૭૬ ટકા થાય છે. ખેત વિષયક જમીન, વન તેમજ ખનીજ આદિજાતિઓની દેશોની મુખ્ય કુદરતી સંપત્તિ છે. ખેતી, પશુપાલન, મત્સ્યોદ્યોગ, વન્ય પેદાશો, ખેતમજૂરી, નાના ગ્રામીણ અને કુટિર ઉદ્યોગો ઈત્યાદી વ્યવસાયોમાંથી મુખ્યત્વે તેઓ તેમની આજીવિકા મેળવે છે.

આદિજાતિ વિસ્તાર પેટા યોજનાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, આદિજાતિ વિસ્તારો અને બીન આદિજાતિ વિસ્તારોના વિકાસની કક્ષા વચ્ચેનો ગાળો ઘટાડવો, ગરીબી રેખા હેઠળ જીવતા આદિજાતિ કુટુંબો ગરીબી રેખાથી ઉપર લઈ જવા સુસંકલિત અને સઘન પ્રયાસો કરવા, શિક્ષણની કક્ષા ઉંચી લાવવી, કુદરતી સંપત્તિ જમીન અને વનની ઉત્પાદન શક્તિનો મહત્તમ ઉપયોગ કરવા સક્રિય, સઘન અને હેતુપૂર્વકના પ્રયાસો કરવા, આદિજાતિના લોકોને શોષણ સામે રક્ષણ આપવું તેમજ તેમને માટે વિકાસના લાભો સુનિશ્ચિત કરી માળખાકીય અને આંતરસ્તરીય સુવિધા ઉભી કરી તેમનો સામાજીક અને આર્થિક ઉત્કર્ષ ઝડપી કરવાનો છે.

૧૨મી પંચવર્ષીય યોજના અંતર્ગત આદિવાસીઓના વિકાસ કલ્યાણ માટે રૂ. ૪૦ હજાર કરોડ રકમની જોગવાઈ કરવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષ (૨૦૧૨-૧૩ થી ૨૦૧૬-૧૭ સુધી ) આંકડાઓ પ્રમાણે આદિવસીઓના વિકાસ અને ક્લ્યાણ માટે નાણાકીય જોગવાઇઓ રૂ.૪૬૧૯૬.૭૦ કરોડનુ ખર્ચ કરવામાં આવેલ છે. ૧૨મી પંચવર્ષીય યોજના અંતર્ગત આદિવાસીઓ માટે આર્થિક અને સામાજિક વિકાસ સાથે આદિવાસી વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ, આવાસ, આરોગ્ય, પીવાનું પાણી, રસ્તાઓ, વીજળી ઉપરાંત શહેરી વિસ્તારોમાં સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન છે. વર્તમાન પંચવર્ષીય યોજના દરમ્યાન આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, સ્કીલ ડેવલપમેન્ટ, આજીવિકા, આરોગ્ય, સવલતો ખેતી વિષયક સંશાધનનો ઉપયોગ કરી તેઓના સર્વાંગી વિકાસ કરવા બુનિયાદી ઉદ્દેશ હતો. આદિવાસી વિકાસમાં ચાર કેન્દ્ર બિંદુ (૧) શિક્ષણ (૨) આર્થિક ઉત્કર્ષ (૩) આરોગ્ય, ગુહ નિર્માણ અને અન્ય યોજનાઓ અને (૪) નિર્દેશ અને વહીવટ પર ધ્યાન આપવાનો હતો.

## બારમી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૨૦૧૭) નું દ્રષ્ટિબિંદુ

નવા આયોજન વ્યૂહરચનામાં વન બંધુકલ્યાણ યોજનાના ૧૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ રૂ. ૪૦૦૦૦/- કરોડના પેકેજનું આયોજન સામે સંભવિત રૂ ૪૬ હજાર કરોડનુ ખર્ચ કરવામાં આવેલ છે, તેથી કરીને આદિજાતિઓમાં સામાજિક અને આર્થિક વિકાસ સહિત આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે આવાસ, આરોગ્ય, રસ્તા, પીવાનું પાણી, સિંચાઈ, વીજળી અને શહેરી વિસ્તારોના વિકાસ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરી શકાય. આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણ, સ્કીલ ડેવલપમેન્ટ, આજીવિકા, આરોગ્ય સવલતો, ખેતી વિષયક સંશાધનનો ઉપયોગ કરી અને તેઓના સર્વાંગીણ વિકાસ કરવા બુનિયાદી ઉદ્દેશ અપનાવેલો છે.

૧૧ મી પંચવર્ષીય યોજના ના સમયગાળામાં રાજ્ય સરકારે  વનબંધુ કલ્યાણ યોજના જે આદિજાતિ વિસ્તાર પેટા વિકાસ યોજના(TASP) જ છે, આ યોજના અંતર્ગત અમુક નક્કર પરિણામ મેળવવા માટે માટે રાજય સરકારે  વન બંધુ યોજના હેઠળ રૂ. ૧૫૦૦૦ કરોડની જાહેરાત કરી હતી તેની સામે રાજ્ય સરકારે આદિજાતિ વિસ્તાર પેટા વિકાસ યોજના(TASP)/વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારો અને આદિજાતિઓના વિકાસ, અને કલ્યાણ માટે રૂ. ૧૯૦૨૦.૭૨ કરોડ નુ ખર્ચ કર્યુ હતુ.  .

રાજ્ય સરકારે જ્યારે ૧૧મી પંચવર્ષીય યોજનાની શરૂઆતમાં વનબંધુ કલ્યાણ યોજના અંગે વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે નિવેદન આપ્યુ હતુ. આ નિવેદનમાં રૂ. ૧૫૦૦૦ કરોડ "વનબંધુ કલ્યાણ યોજના ના પેકેજથી એક નિશ્ચિત વીઝન સાથે વિકાસ યાત્રાને આગળ ધપાવવા સાથે આદિજાતિ વિકાસના વિઝનમાં મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી જેમા મુખ્યત્વે,

**(૧) પાંચ લાખ કુટુંબો માટે રોજગારલક્ષી કાર્યક્રમ શરૂ કરવો**

**(૨) શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસો ઉપર ભાર**

**(3) આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બને**

**(૪) સૌને માટે આરોગ્ય**

**(૫) સૌને માટે ઘર**

**(૬) પીવાનું પાણી**

**(૭) સિંચાઇ**

**(૮) બારમાસી રસ્તાઓ**

**(૯) વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધતા**

**(૧૦) શહેરી વિકાસ**

રાજય સરકારે વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૬-૧૭ સુધી વન બંધુ કલ્યાણ યોજના/ આદિજાતિ વિસ્તાર પેટા વિકાસ અંતર્ગત વર્ષવાર કરેલ નાણાકીય જોગવાઇ અને ખર્ચની માહિતી નીચે ટેબલમાં આપેલ છે.

છેલ્લા ૧૦ વર્ષમાં આદિજાતિઓના વિકાસ માટે આદિજાતિ પેટા વિસ્તાર વિકાસ યોજના માટે રૂ. ૬૫૪૫૭ કરોડની બજેટ ખર્ચ કરાઇ, વર્ષ ૨૦૧૭-૧૮માં આદિજાતિઓના વિકાસ માટે <u>માથા દીઠ અંદાજીત રૂ. ૧૪૦૮૦ ખર્ચ કરાશે.</u>

| વર્ષ | માંગણી નં ૯૩ હેઠળ જોગવાઈ (રૂ. કરોડમાં) | માંગણીનં. ૯૬ હેઠળ જોગવાઈ (રૂ. કરોડમાં) | માંગણીનં. ૯૬ + ૯૩ હેઠળ જોગવાઈ (રૂ. કરોડમાં) | **Per Capita Investment** માથા દીઠ ખર્ચ |
|---|---|---|---|---|
| **2007-08** | 0.00 | 2477.81 | 2477.81 | **3312.14** |
| **2008-09** | 0.00 | 3041.45 | 3041.45 | **4065.57** |
| **2009-10** | 0.00 | 3916.72 | 3916.72 | **5235.56** |
| **2010-11** | 186.53 | 4279.52 | 4466.05 | **5969.87** |
| **2011-12** | 161.62 | 5196.86 | 5358.48 | **7162.79** |
| **2012-13** | 213.55 | 7416.00 | 7629.55 | **8504.69** |
| **2013-14** | 213.55 | 7762.03 | 7975.58 | **8890.41** |
| **2014-15-RE** | 284.50 | 8965.03 | 9249.53 | **10310.49** |
| **2015-16-RE** | 323.16 | 9924.23 | 10247.39 | **11422.8** |
| **2016-17-BE** અંદાજ | 359.56 | 10735.09 | 11094.65 | **12367.24** |
| ૧૦ વર્ષમાં ખર્ચ | **1742.47** | **63714.74** | **65457.21** | |
| **2017-18** અંદાજ | 375.52 | 12179.82 | 12555.34 | **14080.23** |
| કુલ ૧૧ વર્ષમાં ખર્ચ | 2117.99 | 75894.56 | 78012.55 | |

રાજયના ડુંગરાળ પ્રદેશોમાં રહેતા આદિજાતિઓના કલ્યાણ અને વિસ્તારના વિકાસ માટે આદિજાતિ પેટા વિસ્તાર વિકાસ યોજના હેઠળ છેલ્લા ૧૦ વર્ષમાં કુલ રૂ. ૬૫૪૫૭.૨૧ કરોડનુ ખર્ચ કરવામાં આવેલ છે. ઉપરોકત કોઠામાં છેલ્લા દસ (૧૦) વર્ષથી (જયારથી વન બંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકવામાં આવી છે) રાજયના આયોજન હેઠળ કરેલ નાણાકીય જોગવાઈ અને આદિજાતિઓ અને વિસ્તાર માટે માંગણીનં. ૯૩ અને ૯૬ હેઠળ જે તે વર્ષમાં નાણાકીય જોગવાઈના આંકડાઓ આપેલ છે. વસ્તી ગણતરી ૨૦૧૧ પ્રમાણે રાજયની કુલ વસ્તી ૬૦૪.૩૯ લાખ પૈકી આદિજાતિઓની વસ્તી ૮૯.૧૭ લાખ છે. જે

ટકાવારી પ્રમાણે લગભગ ૧૪.૮% જેટલી થાય છે.  વર્ષ ૨૦૧૭-૧૮માં માંગણી નં-૯૩ હેઠળ રૂ. ૩૭૫.૫૨ કરોડ અને માંગણી નં-૯૬ હેઠળ રૂ. ૧૨૧૭૯.૮૨ કરોડ કુલ મળી ને અનૂસૂચિત આદિજાતોના કલ્યાણ અને વિકાસ માટે અંદાજીત રૂ. ૧૨૫૫૫.૩૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આમ વર્ષ ૨૦૧૭-૧૮માં દરેક આદિજાતિ ના માથાદીઠ અંદાજીત રૂ.૧૪૦૮૦ નુ ખર્ચ કરવા નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે.

**વર્ષ ૨૦૦૭-૦૮માં આદિજાતિ પેટા વિસ્તાર વિકાસ યોજના હેઠળ કુલ રૂ. ૨૪૭૭.૮૧ કરોડનુ ખર્ચ કરવામાં આવ્યુ હતું અને વસ્તી ગણતરી ૨૦૦૧ના પ્રમાણે અનૂસૂચિત આદિજાતિઓના વિકાસ અને કલ્યાણ માટે  માથાદીઠ રૂ. ૩૩૧૨.૧૪ નુ ખર્ચ કરવામાં આવ્યું હતુ. એવીજ રીતે , વર્ષ ૨૦૦૮-૦૯માં માથાદીઠ ખર્ચ રૂ. ૪૦૬૫.૫૭, ૨૦૦૯-૧૦માં રૂ. ૫૨૩૫.૫૬ અને ૨૦૧૦-૧૧માં માથી દીઠ ખર્ચ રૂ. ૫૯૬૯.૮૭ નુ કરવામાં આવ્યુ હતુ. રાજય ની બજેટમાં જેમ જેમ વધારો થતો ગયો તેમ આદિજાતિ પેટા વિસ્તાર વિકાસ યોજના હેઠળ નાણાકીય જોગ્વાઇઓમાં પણ વધારો જોવા મળે છે. વર્ષ ૨૦૧૬-૧૭માં માથાદીઠ ખર્ચ રૂ. ૧૨૩૬૭.૨૪ અને વર્ષ ૨૦૧૭-૧૮માં આદીજાતિ વિસ્તાર પેટા વિકાસ યોજના માટે કુલ અંદાજીત રૂ. ૧૨૫૫૫.૩૪ કરોડની જોગવાઇ પ્રમાણે, અનૂસૂચિત આદિજાતિઓના વિકાસ અને કલ્યાણ માટે અંદાજીત માથાદીઠ રૂ. ૧૪૦૮૦ નુ ખર્ચ સુચવવામાં આવેલ છે.**

આમ આદિજાતિ પેટા વિસ્તાર વિકાસ યોજના અંતર્ગત છેલ્લા ૧૦ વર્ષમાં અંદાજિત કુલ રૂ.  ૬૫૪૫૭.૨૫ હજાર  કરોડનું રકમ ખર્ચ થયેલ હશે. રાજય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૧૦ મુદ્દાઓ અંતર્ગત પરિણામ લક્ષી કેટલી સિધ્ધી હાંસલ થયેલ  છે, તે અંગે આંકડાઓ રજૂ કરવા જોઇએ. હાલમાં નાણાકીય જોગવાઇઓ અને ખર્ચ અંગે આંકડાઓ પ્રાપ્ત છે પરંતુ બજેટના નાણાકીય ખર્ચથી આદિજાતિઓની સામાજિક અને આર્થિક પરિસ્થિતીઓમાં કેટલે અંશે સારા ફેરફાર થયા, કેટલા કુટુંબોને ગરીબી રેખાથી ઉપર લાવવામાં આવ્યાં, આદિજાતિઓના બાળકોમાં ડ્રોપ- આઉટ રેશીયો કેટલો ઘટયો, મહિલાઓમાં સાક્ષરતા કેટલી વધી, આરોગ્યની સેવાઓમાં કેટલો સુધાર આવ્યો, આદિજાતિઓમાં બાળ મરણ દર અને માતા મરણ દર કેટલો ઘટયુ, કુપોષણ

ના પ્રમાણ ઘટાડો, પીવાનુ સ્વચ્છ પાણી કેટલા ટકા ઘરો સુધી આવ્યુ. શાળાઓમાં ઓરડાની ઘટ કેટલી ઘટી, માસ્તરોની સંખ્યમાં વધારો, શિક્ષણની ગુણવતામાં સુધાર, રોજગારીમાં વધારો વગેરે આ તમામ વિકાસના સૂચાંકો અંગે પરિણામ લક્ષી આંકડાઓ રજૂ થવા જોઇએ.

- રાજયમાં પછાતપણા અંગે વર્ષમાં ૨૦૦૬ની કોલગી કમિટીની રીપોર્ટ પ્રમાણે રાજયના કુલ ૪૮ તાલુકાઓ પૈકી ૨૮ તાલુકા આદિજાતિ વિસ્તારના છે. આમ રાજયના ૪૮ અતિ પછાત તાલુકા પૈકી ૫૮% તાલુકા આદિજાતિ વિસ્તારમાં આવેલ છે.

- **ગુજરાતમાં આદિજાતિઓના સામાજિક અને આર્થિક વિકાસના સૂચકાંકો**

- અનૂસૂચિત જાતિઓના પછાતપણા અને ગરીબીના માટે ઘણા બધા કારણો છે, જેમા ઔતિહાસિક અન્યાય અને શોષણ, વિકાસની પ્રક્રિયામાં જમીન ગુમાવવા, યોગ્ય રીતે પુના સ્થાપન નિતિનુ અભાવ ( સ્વતંત્રા પછી), આર્થિક અને સામાજિક પછાતપણો,  ઓછા કે નહિવત સંસાધનો, વન સરંક્ષણ કાયદાના કારણે વન સંસાધનો પર ઘટતી પહોંચ, ઉપરાંત સરાકારી કાયદાઓના અમલીકરણમાં ખામીઓ અને ઉધાસીનતા (જેમ કે પેસા કાયદોનુ અમલીકરણ માટે નિયમો થોડા સમય પહેલા બહાર પાડવામાં આવ્યાં , વન કાયદાથી જંગલની જમીનના માલીકી આધિકાર આપવા, મજૂર કાયાદાઓ વગેરે) , સરકારી સેવાઓનુ યોગય  વિતરણ ન થવા પણ એક કારણ છે, જેમા યોગય શિક્ષણ સેવાઓની ઉપલબ્ધતા, આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા તેના ઉદારણ છે. જેના કારણે આઝાદી પછી પણ આદિવાસીઓ અન્ય સમાજ કરતાં ગરીબી અને પછાતપણેમાં થી બહાર નીકળી નથી શક્યા. ગુજરાતમાં કુલ ગરીબી રેખા હેઠળ રહેતાં પરિવારો પૈકી ૩૮% આદીજાતિના પરિવારો ગરીબી રેખા જીવે છે.

## આદિજાતિઓમાં ગરીબીનો પ્રમાણ:

કેન્દ્ર સરકાર દ્વારા નિયમિત રીતે ગરીબી રેખા હેઠળ કુટુંબોનો પ્રમાણ જાણવા માટે વખતોવખત એન એસ એસો દ્વારા સરવે કરાવામાં આવે છે, અહિંયા વર્ષ ૧૯૯૩-૯૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૯-૧૦ના રિપોર્ટ પ્રમાણે આદિજાતિઓ અને અન્ય બધા વર્ગોમાં ગરીબી રેખા હેઠળ કુટુંબોની ટકાવારી દર્શાવેલ છે, તે પ્રમાણે રાજયમાં વર્ષ ૧૯૯૩-૯૪માં ૩૧.૨% આદિજાતિઓ બીપીએલ રેખા હેઠળ હતાં, જયારે વર્ષ ૨૦૦૪-૦૫ વર્ષની સરવે પ્રમાણે આદિજાતિઓમાં ગરીબી રેખા હેઠળ કુટુંબોની ટકાવારી વધી ને ૩૪.૭% થઇ હતી. જયારે વર્ષ ૨૦૦૯-૧૦માં સરવે બીપીએલના આંકડાઓ તેંડુલકર સમિતી પ્રમાણે આદિજાતિઓમાં શહેરી વિસ્તારોમાં ગરીબી રેખા હેઠળ કુટુંબોની ટકાવારી ૩૨.૨% હતી અને ગ્રામ્ય વિસ્તારોમાં ૪૮.૬% કુટુંબોની ટકાવારી હતી. તેંડુલકર સમિતીએ આપેલ ગરીબી રેખાના આંકડાઓનુ મૂલ્યાકન હાલના નિતી આયોગના પુન: વિચારણ હેઠળ છે. કહેવાનુ અર્થ એટલુજ છે કે આદિજાતિઓમાં ગરીબીનો પ્રમાણ અન્ય વર્ગો કરતાં વધારે છે.

**આદિજાતિઓમાં ગરીબી રેખા હેઠળ કુટુંબોની ટકાવારી તેંડુલકર સમિતી પ્રમાણે (વર્ષ ૨૦૦૯-૧૦).**

| S.No. | State | 1993-94 | 1993-94 | 2004-05 | 2004-05 | 2009-10 | 2009-10 | 2009-10 | 2009-10 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ST આદિજાતિ | All બધા | ST આદિજાતિ | All બધા | Rural/ગ્રામ્ય | | Urban /શહેરી | |
| | | | | | | ST આદિજાતિ | All બધા | ST આદિજાતિ | All બધા |
| 4 | Gujarat | **31.2** | 22.18 | **34.7** | 16.8 | 48.6 | 26.7 | 32.2 | 17.9 |

**સોર્સ: Statistical Profile of Schedule Tribes in India, 2013.**

## આદિજાતિઓના ઘરોમાં ટોયલેટ અને બાથરૂમની સગવડ ની ટકાવારી.

**Percentage of household having latrine and bathing facility within premises and waste water outlet**

વસ્તી ગણતરી ૨૦૧૧ પ્રમાણે રાજયમાં કુલ આદિજાતિઓ કુટુંબ પૈકી ઘરની અંદર ટોયલેટની વ્યવસ્થા ધરાવતા કુટુંબોની ટકાવારી ૫૭.૩% છે જ્યારે ૪૨.૭% કુટુબોને ટોયલેટની વ્યવસ્થા તેમના ઘરમાં નથી. જોકે રાષ્ટ્રીય સ્તરની સરખામણીએ પરિસ્થતિ થોડીજ સારી છે. અપેક્ષા રાખીએ કે સ્વચ્છતા મિશન થકી બાકી તમામ કુટુંબોને ઘરની અંદર ટોયલેટની વ્યવસ્થા ઉભી કરી અપાશે.

| Area Name | Number of households having latrine facility within the premises<br>ઘરની અંદર ટોયલેટની વ્યવસ્થા ધરાવતા કુટુંબોની ટકાવારી | | Number of households not having latrine facility within the premises<br>ઘરની અંદર ટોયલેટની વ્યવસ્થા ન ધરાવતા કુટુંબોની ટકાવારી | |
|---|---|---|---|---|
| | ST | All | ST | All |
| ભારત | **22.6** | **46.9** | **77.4** | **53.1** |
| ગુજરાત | 24.3 | 57.3 | 75.7 | 42.7 |

**Households By Location of The Main Source Of Drinking Water**
**(પીવાના પાણીના પ્રાપ્તિ સ્થાન)**

વસ્તી ગણતરી ૨૦૧૧ પ્રમાણે રાજયમાં કુલ આદિજાતિઓ કુટુંબ પૈકી ૨૮.૮% કુટુંબોના ઘર અંદર પીવાના પાણીની વ્યવસ્થા છે, જયારે ૪૬.૪% કુટુંબોના ઘરની નજીક પાણીની વ્યવસ્થા મળેલ છે અને જયારે ૨૪.૮% કુટુબોને પાણીની વ્યવસ્થા ઘરથી દૂર જવુ પડે છે. આદિજાતિ કુટુંબોને પાણી માટે અંતર સુધી ચાલીને સમય અને શારીરિક શ્રમ કરવુ પડે છે, આપણા સમાજમાં ઘર માટે પાણી લાવાનુ કામ ઘરની મહિલાઓજ કરતી હોય છે. રાજય સરકારે મહિલાઓની આ મુશકેલીનુ હલ/ સમાધન કરવામાટે આદિવાસી વિસ્તારોમાં દરેક ઘેરે નળ દ્વારા પાણીમળી રહે તેવી વ્યવસ્થા કરી આપે.

| Area | Total Number of Households (all categories) | | | Total Number of Households (ST)<br>આદિજાતિ કુટુંબો | | |
|---|---|---|---|---|---|---|
| | Within the premises ઘરની અંદર | Near the premises ઘરની નજીક | Away ઘરથી દૂર | Within the premises ઘરની અંદર | Near the premises ઘરની નજીક | Away ઘરથી દૂર |
| ભારત | 46.6 | 35.8 | 17.6 | 19.7 | 46.7 | 33.6 |
| ગુજરાત | 64 | 23.5 | 12.4 | 28.8 | 46.4 | 24.8 |

**આદિજાતિઓમાં સાક્ષરતા દર વધારવા રાજયે ઘણી મહેનત કરવાની જરૂર છે.**

| વર્ષ ૧૯૯૧ | | | વર્ષ ૨૦૦૧ | | | વર્ષ ૨૦૧૧ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| સક્ષરતા દર | | ગેપ સામાન્ય અને આદિજાતિની સાક્ષરતામાં અંતર | સક્ષરતા દર | | ગેપ | સક્ષરતા દર | | ગેપ |
| કુલ | ST આદિજાતિ | | કુલ | ST આદિજાતિ | | કુલ | ST આદિજાતિ | |
| ૬૧.૩ | ૩૬.૪ | ૨૪.૯ | ૬૯.૧ | ૪૭.૭ | ૨૧.૪ | ૭૮ | ૬૨.૫ | ૧૫.૫ |

માનવ વિકાસનુ એક અગત્યનુ ભાગ સાક્ષરતા દર છે. આદિજાતિઓમાં સાક્ષરતા દર હમેશા અન્ય સમાજના વર્ગો કરતાં ઓછો રહેલ છે. વર્ષ ૧૯૯૧માં આદિજાતિઓમાં સાક્ષરતા દર માત્ર ૩૬.૪ હતો જયારે સામાન્ય વર્ગોમાં સાક્ષરતા દર ૬૧.૩% હતો અને સામાન્ય વર્ગો અને આદિજાતિઓ વચ્ચે સાક્ષરતા દરમાં તફાવત ૨૪.૯% જેટલો હતો, જયારે વર્ષ ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે સાક્ષરત અંતર ઘટીને ૨૧.૪% થયો અને ૨૦૧૧માં ઘટીને ૧૫.૫% થયો. સામાન્ય અને આદિજાતિઓમાં વચ્ચે સાક્ષરતા દરનુ તફાવત હજી ઘણો ઉંચો છે.

**અનૂસૂચિત આદિજાતિઓના બાળકોમાં કુપોષણન્ય પ્રમાણ**

અનૂસૂચિત આદિજાતિઓ ના બાળકોમાં કુપોષણનુ પ્રમાણ વધારે જોવા મળે છે. ૩૫.૬% બાળકોમાં સ્ટન્ટીંગ જોવા મળે છે, એટલે તેઓની (ઉંમર પ્રમાણે ઓછી ઉંચાઇ) છે, જયારે ૧૨.૯% આદિજાતિઓના બાળકોમાં વેસ્ટીંગ જોવા મળે છે એટલે તેઓ ઉંચાઇ પ્રમાણે પાતળ છે અને ૧૧.૪% આદિજાતિઓના બાળકો ઓછો વજન ધરાવે છે. આમ એક તરફ આટલા મોટા પ્રમાણમાં બાળકો કુપોષણથી પીડાય છે તો બીજી બાજુ પોષણ માટે જોગવાઇ કરેલ બજેટનુ સંપૂર્ણ રીતે ખર્ચ કરવામાં આવતો નથી. સને ૨૦૧૫-૧૬માં પોષણ ની સેવા માટે રૂ. ૮૭.૬૯ કરોડની બજેટ અને સેંણે ૨૦૧૬-૧૭માં રૂ.૮૬.૬૪ કરોડની બજેટ વણવપરાયેલી રહી હતી.

| | Stunting | Wasting | Underweight |
|---|---|---|---|
| આદિજાતિઓના બાળકોમાં કુપોષ્ણ નુ પ્રમાણ | ઉંમર પ્રમાણે ઓછી ઉંચાઇ | ઉંચાઇ પ્રમાણે પાતળા (Thin ) | ઓછો વજન ધરાવતા |
| | 35.6% | 12.9% | 11.4% |

## રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન- ૨૦૧૬ ( NRHM ૨૦૧૬) પ્રમાણે ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં મહત્વની આરોગ્ય સેવાઓ ઉપર જરૂરિયાત સામે તબીબોની અને તબીબ સહાયકકોની ઘટ છે.

## આદિજાતિ વિસ્તારોમાં મોટા પાયે તબીબોઓ ની સંખ્યા ઓછી જોવા મળે છે.

| ક્રમ | ગુજરાત ગ્રામિણ વિસ્તાર | જરૂરિયાત | મંજૂર | હાલમાં ઉપલબ્ધ | ખાલી | ઘટ |
|---|---|---|---|---|---|---|
| ૧ | આરોગ્ય વર્કર (મહિલા) પેટા કેન્દ્ર પર | 2775 | 2775 | 2180 | 595 | 595 |
| | આરોગ્ય વર્કર મહિલા( પીએચ સી) | 3156 | 2937 | 2180 | 757 | 976 |
| ૨ | આરોગ્ય વર્કર (પૂરૂષ ) પેટા કેન્દ્ર | 2775 | 2763 | 1975 | 788 | 800 |
| ૩ | આરોગ્ય સહાયક PHC | 381 | 381 | 289 | 92 | 92 |
| ૪ | આરોગ્ય સહાયક પૂરૂષ (પીએચ સી) | 381 | 381 | 381 | 0 | 0 |
| ૫ | પ્રાથમિક આરોગય કેન્દ્ર પર ડોક્ટરોની | 381 | 381 | 311 | 70 | 70 |
| ૬ | સામૂહિક આરોગ્ય કેન્દ્રોપર સર્જન ડોકટરોની | 69 | 62 | 6 | 56 | 63 |
| ૭ | સામૂહિક આરોગ્ય કેન્દ્રો પર ગયાનાકોલોજીસ્ટની | 69 | 62 | 9 | 53 | 60 |
| ૮ | સામૂહિક આરોગ્ય કેન્દ્રો પર ફીઝીશન ની | 69 | 0 | 1 | ** | 68 |
| ૯ | સામૂહિક આરોગ્ય કેન્દ્રો પર પીડ્યાટ્રીશીન (બાળ નિષણાત )ની | 69 | 1 | 9 | ** | 60 |
| ૧૦ | રેડિયો ગ્રાફર (ડોક્ટર (સામૂહિક આરોગ્ય કેન્દ્રો.) | 69 | 69 | 7 | 62 | 62 |
| ૧૧ | ફાર્માસીસ્ટ (પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો) | 450 | 463 | 418 | 45 | 32 |
| ૧૨ | લેબોરેટરી ટેકનિશ્યન ((પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો) | 450 | 450 | 352 | 98 | 98 |
| ૧૩ | નર્સીંગ સ્ટાફ ((પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો)કે.) | 864 | 1317 | 822 | 495 | 42 |

*Source: NRHM-2016*

માર્ચ ૨૦૧૬ પ્રમાણે આદિજાતિ વિસ્તારોમાં  આરોગ્ય પેટા કેન્દ્ર પર આરોગ્ય વર્કર  પૂરૂષ સિવાય તમામ કેટેગીરીના તબીબો, નિષ્ણાંત ડોકટરોની ઘટ જોવા મળે છે, પેટા કેન્દ્રો પર  ૫૯૫ મહિલા આરોગ્ય વર્કરની ઘટ છે, તેવીજ રીતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર આરોગ્ય વર્કર મહિલા ૯૭૬ની ઘટ છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર એમબીબીએસ ડોકટરોની ૩૮૧ જરૂરીયાત સામે ૩૮૧ ડોકટરોની ભરતી કરવા મંજૂરી આપેલ હોવા છતાંય હાલમાં ૩૧૧ ડોકટરો ઉપલબ્ધ રહી સેવા આપી રહ્યા છે, જયારે ૭૦ પ્રાથમિક આરોગય કેન્દ્રો પર ડોકટરોની ઘટ છે, એટલે તેવા આરોગ્ય કેન્દ્રો પરથી આરોગયની સેવાઓ આપવા માટે નિષ્ણાંત ડોકટરો નથી. તેવીજ રીતે સામૂહિક આરોગ્ય કેન્દ્રો જયાં નિષ્ણાંત  ડોકટરો દ્વારા સેવાઓ આપવા માટે ઉપલબ્ધ હોવા જોઇએ જેમાં ફીઝીશીયન, મહિલા રોગોના નિષણાંત, બાળ રોગોના નિષણાંત પીડીયાટ્રીશીયન, અને સર્જનની જરૂરીયાત હોય છે, પરંતુ રાજયના આદિજાતિ વિસ્તારોમાં ૬૯ નિષ્ણાંત ડોકટરોની જરૂરીયાત સામે મોટા ભાગે ડોકટરોની ઘટ જોવા મળે છે. આટલી મોટી સંખ્યામાં ડોકટરોની ઘટના કારણે આદિજાતિ વિસ્તારના દર્દીઓને સારવાર માટે શહેરોમાં ખાનગી દવાખાનાઓ માથી મોંઘી સારવાર લેવી પર છે.

આદિજાતિ વિસ્તારોમાં પ્રાથમિક આરોગય કેન્દ્રો અને સામૂહિક આરોગય કેન્દ્રોમાં અન્ય જરૂરી તબીબો જેવાકે રેડિયોગ્રાફર, ફાર્માસીસ્ટ, લેબોરેટરી ટેકનીશીયન વગેરેની પણ   ઘટ છે. આદિજાતિ વિસ્તારોમાં રેડીયોગ્રાફરની ૬૨, ફાર્માશીસીસ્ટની ૩૨ અને લેબોરેટ્રી ટેકનીશીયન ની ૯૮ ઘટ છે. રાજય સરકારે આ તમામ ખાલી જગ્યાઓ પર ભરતી કરવી જોઇએ અને આદિજાતિ પેટા વિસ્તાર વિકાસમાં આરોગ્ય સેવાઓ માટે સંપૂર્ણ ખર્ચ કરી તબીબી સેવાઓ આપવી જોઇએ. સને ૨૦૧૫-૧૬માં આદિજાતિ પેટા વિસ્તાર વિકાસ યોજના અંતર્ગત આરોગ્ય સેવાઓ માટે મહેસૂલી ખર્ચ પેટે રૂ. ૨૨૮.૪૯ કરોડ અને મૂડી ખર્ચ પેટે રૂ. ૩૪.૬૦ કરોડ ઓછા ખર્ચા હતા.

**વર્ષ ૨૦૧૫-૧૬માં આદીજાતિઓના સામાજિક વિકાસની સેવાઓ માટે રૂ. ૫૨૧ કરોડની બજેટ વણવપરાયેલી રહી. અંદાજીત જોગવાઇ સામે ૮૭.૬૪% બજેટ ખર્ચ થઇ  તબીબી અને જાહેર આરોગ્ય,  પોષણ, શિક્ષણ, સામાજિક કલ્યાણ  માટે ઓછી બજેટ ખર્ચાઇ.**

કરોડ

| વિકાસના સદરો | 2015 -16- અદાજ કરોડ | 2015-16નુ ખર્ચ કરોડ | જોગવાઇ સામે ખર્ચમાં વધઘટ કરોડ | ૨૦૧૫-૧૬માં અંદાજ સામે ખર્ચની ટકાવારી |
|---|---|---|---|---|
| સામાન્ય શિક્ષણ | 553.05 | 503.57 | 49.48 | 91.05 |
| તકનિકી શિક્ષણ | 46.24 | 35.83 | 10.41 | 77.48 |
| ખેલકૂદ અને યુવક સેવાઓ | 29 | 27.73 | 1.27 | 95.64 |
| કલા અને સંસ્કૃતિ | 4.77 | 4.28 | 0.49 | 89.65 |
| તબીબી અને જાહેર આરોગ્ય | 695.58 | 467.09 | 228.49 | 67.15 |
| પરિવાર કલ્યાણ | 88.61 | 85.42 | 3.19 | 96.40 |
| પાણી પુરવઠો અને સ્વચ્છતા | 28.47 | 40.34 | -11.87 | 141.68 |
| આવાસન | 326.73 | 247.88 | 78.85 | 75.87 |
| શહેરી વિકાસ | 263.77 | 308.50 | -44.73 | 116.96 |
| માહિતી અને પ્રચાર | 14.5 | 13.21 | 1.29 | 91.12 |
| અનૂસૂચિત જનજાતિઓ નુ કલ્યાણ | 1238.15 | 1137.61 | 100.54 | 91.88 |
| શ્રમ અને રોજગાર | 100.72 | 78.46 | 22.26 | 77.90 |
| સામાજિક સુરક્ષા અને કલ્યાણ | 126.22 | 131.15 | -4.93 | 103.91 |
| પોષણ | 703.96 | 617.32 | 86.64 | 87.69 |
| Total | 4219.78 | 3698.40 | 521.38 | 87.64 |

આદિજાતિ પેટા વિસ્તાર વિકાસ યોજના અંતર્ગત રાજયના ૧૫% આદિજાતિઓના સામાજિક અને આર્થિક વિકાસ માટે નાણાકીય જોગવાઇઓ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૫-૧૬ આદિજાતિઓના સામાજિક વિકાસ જેમાં શિક્ષણ, તકનીકી શિક્ષણ, ખેલકૂદ, આદિજાતિઓના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ, આદિજાતિ મજૂરોના અધિકારોનુ રક્ષણ, આવાસન, આદિજાતિ વિસ્તારોમાં શહેરીકરણ, આદિજાતિઓના બાળકોમાં પોષણ, સામાજિક સુરક્ષા અને કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ માટે વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૪૨૧૯.૭૮ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી પરંતુ  આદિજાતિઓના સામાજિક સેવાઓના લાભો

આપાવા માટે રૂ. ૩૬૯૮.૪૦ કરોડ નુ ખર્ચ કરવામાં આવેલ છે. આમ વર્ષ ૨૦૧૫-૧૬ના અંતે આદિજાતિઓ ના સામાજિક સેવાઓ પાછળ રૂ.. ૫૨૧.૩૮ કરોડનુ ઓછુ ખર્ચ કરવામાં આવેલ છે. આમ વર્ષ ૨૦૧૫-૧૬માં સામાજિક વિકાસ માટે અંદાજીત જોગવાઇઓનુ ૮૭.૬૪% રકમ ખર્ચ કરવામાં આવલ છે. રાજયમાં અનૂસૂચિત આદિજાતિઓ અન્ય સમાજના વર્ગો કરતાં ઘણા ગરીબ અને સામાજિક અને આર્થિક રીતે પછાત છે, આદેજાતિઓ અને અન્ય સમાજના લોકો વચ્ચે સામાજિક અને આર્થિક વિકાસનુ અંતર નાબૂદ કરવા માટે વર્ષ ૧૯૭૫-૭૬ થી આદિજાતિ પેટ વિસ્તાર વિકાસ યોજનાની રચના કરવામાં આવેલ, પરંતુ આ યોજના હેઠળ વસ્તીના ટકાવારી પ્રમાણે નાણાકીય જોગવાઇઓ ન કરવામાં આવે અને જેટલી જોગવાઇઓ કરવામાં તેનો સંપૂર્ણ ખર્ચ ન કરવાના કારણે આદિજાતિઓના સામાજિક અને આર્થિક વિકાસ ધીમી ગતિએ થાય છે.

વર્ષ ૨૦૧૫-૧૬માં આદિજાતિઓના સામાજિક સેવાઓ પાછળ પોષણની સેવા થકી જેમાં બાળકોને આંગણવાડી કેન્દ્રો મારફત પોષટિક આહાર આપવામાં આવે છે, ઉપરાંત પ્રસૂતિવાળી માતાઓ વગેરેમાં કુપોષ્ણ ઘટાડવા માટે અંદાજીત રૂ. ૭૦૩.૯૬ કરોડની જોગવાઇ સામે વર્ષાંતે રૂ. ૬૧૭.૩૨ કરોડનુ ખર્ચ કરવામાં આવેલ છે. આમ જોગવાઇ પૈકી રૂ. ૮૬.૬૪ કરોડનુ ઓછુ ખર્ચ કરવામાં આવેલ છે, તેવીજ રીતે આદિજાતિ વિસ્તારોમાં તબીબી અને જાહેર આરોગ્યની સેવાઓ માટે વર્ષ ૨૦૧૫-૧૬માં અંદાજીત રૂ.૬૯૫.૫૮ કરોડની જોગવાઇ સામે રૂ. ૪૬૭.૦૯ કરોડ બજેટનુ ખર્ચ કરવામાં આવેલ છે, જે ટકાવારી પ્રમાણે ૬૭.૨૦% નુ ખર્ચ થાય છે, આમ તબીબી અને જાહેર આરોગય સેવાઓ પાછળ ઓછા ખર્ચના કારણે આદિજાતિ વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ નબળી છે, જેના કારણે આદિજાતિના લોકોને માંદગીની સારવાર માટે ખાનગી હોસ્પીટલમા મોટી રકમ ખર્ચી સારવાર મેળવી પડે છે. તેવીજ રીતે સામાન્ય શિક્ષણ માટે વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૪૯.૪૮ કરોડ, તકનીકી શિક્ષણ માટે રૂ. ૧૦.૪૧ કરોડ, આવાસન થકી ઘર વિહોણા આદિજાતિના લોકો માટે રૂ.૭૮.૮૫ કરોડ, શ્રમ અને રોજગાર માટે રૂ. ૨૨.૨૬ કરોડ, સામજિક સુરક્ષા માટે રૂ. ૪૦.૫૨ કરોડની રકમ ઓછી ખર્ચાશે. આદિજાતિઓને સીધો લાભા આપી શકે તેવી **અનૂસૂચિત જનજાતિઓ નુ કલ્યાણ માટે પણ રૂ. ૧૨૩૮ કરોડની જોગવાઇ સામે રૂ. ૧૦૦.૫૪ કરોડની બજેટ વણવપરાયેલી રહી જશે.**

આદિજાતિ પેટા વિસ્તાર વિકાસ યોજના હેઠળ શહેરી વિકાસ માટે રૂ. ૪૪.૭૩ કરોડનુ વધારે ખર્ચ સુચવવામાં આવેલ છે, ઉપરાંત પાણી પુરવઠો અને સ્વચ્છતા માટે રૂ. ૧૧.૮૭ કરોડ, અને સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટે રૂ. ૪.૯૩ કરોડની બજેટ વધારે ખર્ચાશે.

આમ રાજયની માનવ વિકાસમાં સુધાર લાવવા માટે રાજયના આદિજાતિઓમાં ઝડપી સામાજિક વિકાસ કરવો પડશે, જે આદિજાતિ પેટા વિસ્તાર  વિકાસ અંતર્ગત યોગય નાણાકીય જોગવાઇઓનુ સંપૂર્ણ ખર્ચ કરવાથી મેળવી શકાશે.

**અનૂસૂચિત આદિજાતિઓના વિકાસ અને કલ્યાણ માટે સામાજિક સેવાઓના મૂડી ખર્ચમાં ૨૦૧૫-૧૬માં રૂ,૪૭૨.૪૨ કરોડ ઓછા ખર્ચાયા, સામાજિક સેવાઓના મૂડી ખર્ચ માટે ૭૩.૪૬% બજેટનુ ખર્ચ થયો.**

| Major Head | ૨૦૧૫-૧૬ અંદાજ રૂ. કરોડમાં | ૨૦૧૫-૧૬નુ ખર્ચ રૂ. કરોડમાં | ૨૦૧૫-૧૬મા અંદાજ સામે ખર્ચમાં વધઘટ રૂ. કરોડમાં | ૨૦૧૫-૧૬માં અંદાજ સામે ખર્ચની ટકાવારી |
|---|---|---|---|---|
| શિક્ષણ,ખેલકૂદ,કલા અને સંસ્કૃતિ, | **557.18** | 316.42 | **240.76** | **56.79** |
| તબીબી અને જાહેર આરોગ્ય માટે મૂડી ખર્ચ | **406.92** | 372.32 | **34.60** | **91.50** |
| કુટુંબ કલ્યાણ માટે મૂડી ખર્ચ | **4.87** | 4.87 | **0.00** | **99.92** |
| પાણી પુરવઠા અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ | **496** | 468.72 | **27.28** | **94.50** |
| આવાસન  માટે મૂડી ખર્ચ | **107.28** | 72.88 | **34.40** | **67.94** |
| આદિજાતિઓ ના કલ્યાણ માટે મૂડી ખર્ચ | **110.79** | 45.26 | **65.53** | **40.85** |
| સામાજિક સૂરક્ષા માટે મૂડી ખર્ચ | **1.39** | 2.76 | **-1.37** | **198.37** |
| અન્ય સામાજિક સેવાઓ માટે મૂડી ખર્ચ | **95.69** | 24.48 | **71.21** | **25.59** |
| સામાજિક સેવાઓ માટે મૂડી ખર્ચ | **1780.12** | 1307.70 | **472.42** | **73.46** |

આદિજાતિ પેટા વિસ્તાર વિકાસ માટે સામાજિક સેવાઓના મૂડી ખર્ચ કરી સામાજિક વિકાસના માટે અગત્યનુ માળખાકીય સુવિધાઓ જેમ કે શાળાઓ, વર્ગ ખંડો, દવાખાના અને સાધનો, પાણી પુરવઠાની સુવિધાઓ, આવાસન વગેરે માળખાકીય સુવિધાઓનુ નિર્માણ કરવામાં આવે છે, જે લાંબા સમયગાળા માટે લોકોને સુવિધાઓ અને સેવાઓ આપે છે. વર્ષ ૨૦૧૫-૧૬માં **સામાજિક સેવાઓના મૂડી માટે** રૂ. ૧૭૮૦.૧૨ કરોડની જોગવાઇ સામે કુલ રૂ. ૧૩૦૭.૭૦ કરોડનુ ખર્ચ કરવામાં આવેલ છે. આમ વર્ષ ૨૦૧૫-૧૬માં આદિજાતિ પેટા વિસ્તાર વિકાસ યોજના હેઠળ સામાજિક સેવાઓના મૂડી ખર્ચ માટે રૂ. ૪૭૨.૪૨ કરોડની બજેટનુ ઓછુ ખર્ચ કરવામાં આવેલ છે, જે ટકાવારી પ્રમાણે ૭૩.૪૬% ખર્ચ દર્શાવે છે.

શિક્ષણ,ખેલકૂદ,કલા અને સંસ્કૃતિના મૂડી કામો માટે વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૨૪૦.૭૬ કરોડ ઓછા ખર્ચાયા છે, તબીબી અને જાહેર આરોગ્ય માટે મૂડી ખર્ચ પેટે રૂ. ૩૪.૬૦ કરોડ, આવાસન માટે રૂ. ૩૪.૪૦ કરોડ, પાણી પુરવઠા અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ પેટે રૂ. ૨૭.૨૮ કરોડ, આદિજાતિઓ ના કલ્યાણ માટે મૂડી ખર્ચ પેટે રૂ. ૬૫.૫૩ કરોડ અને અન્ય સામાજિક સેવાઓ પાછળ રૂ. ૭૧.૨૧ કરોડની બજેટ ઓછી ખર્ચ કરવામાં આવેલ છે. કુટુંબ કલ્યાણ માટે મૂડી ખર્ચ નુ સંપૂર્ણ રીતે બજેટનુ ખર્ચ કરવામાં આવેલ છે.

**માગણી નં.૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ.૧૧૪૮ કરોડનુ ઓછુ ખર્ચ કરાયો અને વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૪૮૧કરોડની બજેટ ઓછી ખર્ચાશે. ૨૦૧૭-૧૮મા રૂ. ૧૨૧૭૧ કરોડની બજેટ જાહેર કરાઇ**

(આંકડાઓ કરોડમાં)

| ક્રમ | વિગત | ૨૦૧૫-૧૬ નો અંદાજ કરોડ | ૨૦૧૫-૧૬ નો ખર્ચ કરોડ | ૨૦૧૫-૧૬માં વધઘટ | ૨૦૧૬-૧૭ નો અંદાજ (રૂ.) | ૨૦૧૬-૧૭નુ સુધારેલ અંદાજ | ૨૦૧૬-૧૭માં અંદાજ સામે સંભવિત ખર્ચ | ૨૦૧૭-૧૮-અંદાજ | ૨૦૧૭-૧૮ના અંદાજની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સામાન્ય સેવાઓ | 8.38 | 7.48 | 0.89 | 9.67 | 7.69 | -1.98 | 10.52 | 0.09 |
| | સામાન્ય સેવાઓ માટે મૂડી ખર્ચ | 56.74 | 9.26 | 47.47 | 50.01 | 28.99 | -21.01 | 56.48 | 0.46 |
| ૨ | સામાજીક સેવાઓ માટે મહેસૂલી ખર્ચ | 4219.78 | 3698.31 | 521.46 | 4668.36 | 4758.63 | +90.27 | 5566.34 | 45.73 |
| | સામાજીક સમૂહ સેવાઓ માટે મૂડી ખર્ચ | 1780.12 | 1307.70 | 472.42 | 1507.03 | 1232.66 | -274.37 | 1666.08 | 13.69 |
| 3 | આર્થિક સેવાઓ માટે મહેસૂલી ખર્ચ | 1728.35 | 1609.20 | 119.15 | 2325.99 | 2310.93 | -15.05 | 2359.03 | 19.38 |
| | આર્થિક સેવાઓ માટે મૂડી ખર્ચ | 2080.05 | 2058.08 | 21.97 | 2151.32 | 1897.15 | -254.17 | 2486.20 | 20.43 |
| ૪ | લોન | 50.30 | 85.48 | -35.18 | 22.72 | 17.78 | -4.93 | 27.17 | 0.22 |
| | કુલ | 9924.23 | 8775.53 | 1148.70 | 10735.10 | 10253.84 | -481.25 | 12171.81 | 100.00 |

આદિજાતિ પેટા વિસ્તાર યોજનાના અમલીકરણ માટે વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૯૯૨૪.૨૩ કરોડની જોગવાઇ સામે રૂ. ૮૭૭૫.૫૩ કરોડનુ ખર્ચ કરવામાં આવેલ છે, આમ વર્ષ ૨૦૧૫ -૧૬માં આદિજાતિ પેટા વિસ્તાર યોજનાના અમલીકરણ માટે રૂ. ૧૧૪૮.૭૦ કરોડનુ ઓછુ ખર્ચ કરવામાં આવેલ છે. આમ વર્ષ ૨૦૧૫-૧૬માં આદિજાતિ પેટા વિસ્તાર યોજનાના અમલીકરણ માટે ૮૮.૨૪% બજેટનુ ખર્ચ કરવામાં આવેલ છે અને ૧૧.૫૭% બજેટ વણવપરાયેલી રહેલ છે, જેનાથી આદિજાતિઓના વિસ્તારના વિકાસની ગતિ ધીમી થાય છે.

વર્ષ ૨૦૧૬-૧૭માં આદિજાતિ પેટા વિસ્તાર યોજનાના હેઠળ વિવિધ યોજનાઓના અમલ માટે અંદાજીત રૂ. ૧૦૭૩૫.૦૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે અને આંકડાઓથી એવુ સાબિત થાય છે કે વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૧૦૨૫૩.૮૪ કરોડ બજેટનુ સંભવિતા ખર્ચ સુચવવામાં આવેલ છે. આમ વર્ષ ૨૦૧૬-૧૭માં પણ રૂ. ૪૮૧.૨૫ કરોડની બજેટ આદિજાતિ પેટા વિસ્તાર વિકાસમાં ઓછી ખર્ચાશે.

જયારે વર્ષ ૨૦૧૭-૧૮માં આદિજાતિ પેટ વિસ્તાર વિકાસ માટે માંગણી નં ૯૬ હેઠળ અંદાજીત રૂ.૧૨૧૭૧.૮૧ કરોડની નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે અને માંગણી નં ૯૩ હેઠળ રૂ. ૩૭૯.૫૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આમ વર્ષ ૨૦૧૭-૧૮માં આદિજાતિ વિસ્તાર વિકાસ યોજના અને આદિજાતિઓના કલ્યાણ માટે રૂ. ૧૨૫૫૯.૩૪ કરોડ ની જોગવાઇ કરવામાં આવેલ છે, જે રાજયના કુલ **બજેટ રૂ. ૧,૭૨,૧૭૯ કરોડની રકમમાંથી ૭.30% ની અંદાજીત રકમ થાય છે.**

વર્ષ ૨૦૧૭-૧૮માં સામાજિક સેવાઓના મહેસૂલી ખર્ચ પેટે રૂ. ૫૫૬૬.૩૪ કરોડ (૪૫.૭૩%) અને સામાજિક સમૂહ સેવાઓ માટે મૂડી ખર્ચ પેટે રૂ. ૧૬૬૬.૦૮ કરોડ (૧૩.૬૯%) આમ કુલ મળીને રૂ. ૭૨૩૨.૪૨ કરોડ ૫૯.૪૨% બજેટ આદિ જાતિઓના સામાજિક વિકાસ માટે ખર્ચાશે અને આર્થિક વિકાસ માટે મહેસૂલી અને મૂડી ખર્ચ કુલ મળીને રૂ. ૪૮૪૫.૨૩ કરોડ (૩૯.૮૧%) બજેટની રકમ ખર્ચ કરવામાં આવશે.

## વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ ના અમલીકરણમાં ૨૦૧૬માં ગુજરાત ૯માં ક્રમાંકે:-

આદિવાસીઓ પ્રકૃતિની સાથે પ્રકૃતિ પૂજક તરીકે તથા વર્ષોથી પોતાનું અસ્તિત્વ ટકાવવા અને પોતાના જીવન જીવવા માટે જંગલ સાથે આત્મિયતાના સંબંધ થી જંગલ સાથે રહેતા આવ્યા છે. આદિવાસીઓના સહ:અસ્તિત્વની સાથે જીવવાથી જંગલોનો વિકાસ પણ નોંધાયો છે. પરંતુ જયારથી બ્રિટિશ રાજ આવ્યું ત્યારથી આદિવાસીઓને જંગલથી દૂર હટાવવાની પ્રક્રિયા ચાલુ થઈ જે આઝાદ ભારત દેશમાં એ જ વ્યવહાર ચાલુ રાખવામા આવ્યો એમાંય પણ વન સંરક્ષણ કાયદો-૧૯૮૦ના કારણે મોટાભાગની આદિવાસી વસ્તીને જંગલથી જોર જબરજસ્તીથી દૂર કરવાની પ્રક્રિયા શરૂ થઈ. આદિવાસી વસ્તી સાથે થતા અત્યાચારો અને ઐતિહાસિક અન્યાયને દૂર કરવા કેન્દ્ર સરકારે વન અધિકાર અધિનિયમ-૨૦૦૬નો કાયદો દેશના સાંસદમાં બહુમતીથી પાસ કરી આદિવાસી પ્રજાને ૧૩ ડિસેમ્બર, ૨૦૦૫ સુધી જંગલ જમીનના ખેડાણ કરનારને માલિકીનો હક્ક આપતો કાયદો પસાર કર્યો વન અધિકાર અધિનિયમ- ૨૦૦૬ હેઠળ મહતમ ૪ હેકટર જમીન અમુક શર્તોને આધિન આપવા પાત્ર થાય છે.

વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ તમામ રાજય સરકારોને જયાં આદિવાસી વસ્તી રહે છે, તે રાજયોએ વન અધિકાર

કાયદાની જોગવાઇઓ નો અમલ  કરવાનો રહે છે. આ કાયદાના અમલીકરણ થકી જંગલ જમીન ખેડનારાઓને જમીન પર માલિકીના હક્ક આપવાનું વર્ષ ૨૦૦૭- ૦૮ થી શરૂ થયેલ છે.

**Statement showing ranking in terms of percentage of titles distributed over number of claims received in each State under the Scheduled Tribes and Other Traditional Forest Dwellers (Recognition of Forest Rights) Act, 2006 as on 31.01.2017**

વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ ના અમલીકરણમાં ગુજરાતમાં  તા ૩૧/૧/૨૦૧૭ સુધી  કુલ  મળેલ જમીન દાવાઓ  ૧૮૯૮૬૭ સામે જમીનના ટાઇટલ ડીડ  ૮૩૦૯૮  ખેડનારાઓને આપવવામાં આવેલ છે.

**રાષ્ટ્રીય સ્તરે જંગલ જમીન ખેડનારાઓના દાવાઓની અરજીઓ ના નિકાલ કરવામાં ૯માં ક્રમાંકે.**

| | | કુલ મળેલ દાવાઓ | કુલ ટાઈટલ ડીડ વિતરણ/ તૈયાર થયેલ | નામંજૂર કરેલ દાવાઓની સંખ્યા | મળેલ દાવાઓને ટાઈટલ વિતરણ કરેલ તેની ટકાવારી |
|---|---|---|---|---|---|
| 1 | Kerala/ કેરળ | 37,535 | 24,599 | 7,889 | 65.54% |
| 2 | Odisha /ઓડિશા | 6,35,055 | 4,09,229 | 1,50,133 | 64.44% |
| 3 | Tripura/ત્રિપુરા | 1,94,028 | 1,24,557 | 65,902 | 64.20% |
| 4 | Jharkhand/ ઝારખંડ | 1,02,510 | 56,181 | 27,652 | 54.81% |
| 5 | Telangana/તેલેંગાણા | 1,86,534 | 94,215 | 80,890 | 50.51% |
| 6 | Andhra Pradesh/ આંધ્રપ્રદેશ | 1,73,590 | 87,030 | 62,228 | 50.14% |
| 7 | Rajasthan/ રાજસ્થાન | 71,270 | 35,628 | 35,139 | 49.99% |
| 8 | Chhattisgarh/છત્તીસગઢ | 8,66,674 | 3,81,705 | 4,64,886 | 44.04% |
| 9 | Gujarat/ગુજરાત | 1,89,867 | 83,098 | 0 | 43.77% |
| 10 | Madhya Pradesh/ મધ્ય પ્રદેશ | 6,14,718 | 2,38,636 | 3,64,600 | 38.82% |
| 11 | Assam/ આસામ | 1,55,011 | 58,802 | 0 | 37.93% |
| 12 | West Bengal/ વેસ્ટ બેંગાલ | 1,42,081 | 45,201 | 97,415 | 31.81% |
| 13 | Maharashtra/ મહારાષ્ટ્ર | 3,64,358 | 1,12,646 | 2,31,856 | 30.92% |
| 14 | Uttar Pradesh/ઉત્તર પ્રદેશ | 93,644 | 18,555 | 74,945 | 19.81% |
| 15 | Karnataka/કર્નાટકા | 3,04,536 | 13,049 | 1,71,592 | 4.28% |
| 16 | Bihar/બિહાર | 8,022 | 121 | 4,215 | 1.51% |
| 17 | Himachal Pradesh/હિમાચલ પ્રદેશ | 659 | 7 | 0 | 1.06% |
| 18 | Goa/ગોવા | 9,733 | 3 | 23 | 0.03% |
| 19 | Tamil Nadu/ તામિલનાડૂ | 21,781 | 0 | 0 | 0.00% |
| 20 | Uttarakhand/ ઉત્તરાખંડ | 182 | 0 | 1 | 0.00% |
| **TOTAL** | | **41,71,788** | **17,83,262** | **18,39,366** | **42.75%** |

કેન્દ્ર સરકારના મીનીસ્ટરી ઓફ ટ્રાયબલ વિભાગ દ્વારા આ કાયદાના અમલીકરણનો સ્ટેટસ રિપોર્ટ દર મહિને તૈયાર કરવામાં છે. છેલ્લો રિપોર્ટ ૩૧/૧/૨૦૧૭ ના રોજ બહાર પાડવામાં આવ્યો છે. આ રિપોર્ટ પ્રમાણે આ કાયદાના અમલીકરણ હેઠળ, કેરળ રાજયે સહુથી વધારે જંગલ જમીનના માલિકીના હક્ક માટે આવેલ દાવાઓનુ નિકાલ કરેલ છે. કેરળમાં કુલ ૩૭૫૩૫ આવેલ દાવાઓ પૈકી ૬૫.૫૪% અરજીઓનો નિકાલ કરેલ છે. જ્યારે ટકાવારી પ્રમાણે બીજા ક્રમાંકે ઓડિશા રાજયે કુલ ૬૩૫૦૫૫ મળેલ દાવાઓ પૈકી ૬૪.૪૪% દાવા અરજીઓની તપાસ કરી જંગલની જમીન ખેડનારાઓને જમીન હક્ક આપેલ છે. ત્રીજા ક્રમાંકે ત્રિપુરા રાજયે કુલ મળેલ અરજીઓ ૧૯૪૦૨૮ પૈકી ૬૪.૨૦% દાવા અરજીઓનો નિકાલ કરેલ છે, ઝારખંડ ૪ ક્રમાંકે,તેલનગાણા ૫માં ક્રમાંકે, આંધ્રાપ્રદેશ ૬ઠ્ઠા ક્રમાંકે, રાજસ્થાન ૭મા ક્રમાંકે, છ્ત્તીસગઢ ૮માં ક્રમાંકે જંગલજમીનના દાવો સામે જમીન અધિકાર આપેલ છે.

ગુજરાત રાજ્યમાં તા. ૩૧/૧/૨૦૧૭ સુધી કુલ ૧૮૯૮૬૭ જંગલજમીન ખેડનારાઓ જમીન મલિકીના દાવાઓ જમા કરાંયા હતાં, જપૈકી તપાસ કર્યા પછી, ૮૩૦૯૮ જંગલની જમીન ખેડનારોઓને કાયદા મુજબ હક્ક પત્રો આપવામાં આવેલ છે. આમ ગુજરાત રાજયમાં કુલ દાવાઓ પૈકી ૪૩.૭૭% દાવાઓનો નિકાલ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યે બાકી રહેલ દાવાઓની તપાસ કરી જંગલ જમીન ખેડનારાઓ ને વન અધિકાર કાયદાની જોગવાઇઓ પ્રમાણે તપાસ કરી જમીન ટાઇટલ આપવા માટે કાર્યવાહી કરવી જોઇએ. ગુજરાતમાં આ કાયદા હેઠળ કુલ ૧,૦૭,૦૭૮ એકર જંગલની જમીનન હક્ક ખેડનારાઓને આપેલ છે જે દરેક દાવા કરનાર દીઠ સરેરાશ ૧.૫ એકર જેટલી જમીન થાય છે. રાજયમાં નામંજૂર કરેલ દાવાઓની સંખ્યા નથી એટલે વન અધિકાર કાયદાના અમલ પછીના ૧૦ વર્ષમાં કોઇ પણ જંગલની જમીન પર દાવો નામંજૂર કરેલ નથી.